# ‘સંગમબીચ’ : સામાન્ય કથારસ પીરસતી મનોરંજક વારતા |

## ગુણવંત વ્યાસ

[**‘સંગમબીચ’ :** લેખિકા : મંજુલા ગાડીત, પ્ર. સાહિત્યસંગમ, સૂરત, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૧૨૦, ક્રાઉન સાઇઝ, કિં. રૂ. ૮૦/-]

‘એક ને એક અગિયાર’ વાર્તાસંગ્રહ આપનાર શ્રીમતી મંજુલા ગાડીતની ‘સંગમબીચ’ પ્રથમ નવલકથા છે. ઘટનાપ્રધાન વસ્તુકેન્દ્રી આ કૃતિનું કથાબીજ, લેખિકાએ ‘નિવેદન’માં જણાવ્યા મુજબ સત્ય ઘટના પર આધારિત છે. લઘુનવલ-સ્વરૂપની આ રચના દસ પ્રકરણોમાં વિભાજિત થઈ ૧૨૦ પૃષ્ઠોમાં આટોપાઈ છે.

આમ જુઓ તો, કથાવસ્તુ સામાન્ય છે. કથાનાયક આકાશ પોતાની પત્ની રાજુલને અતિ ચાહે છે. વ્યાજે નાણાં ધીરતા પિતાનો વ્યવસાય તેને અનુકૂળ નથી. શહેરમાં અધ્યાપક તરીકે નોકરી કરતો આકાશ પિતાની વ્યાજખોર વૃત્તિને કારણે જ રાજુલને ગુમાવે છે. ઘરેણાંની સામે પૈસા ધીરતા પિતા એક મુસ્લિમ પરિવારને તહેવાર પર ઘરેણાંની જરૂર પડતાં વ્યાજ અને મુદ્દલની ચુકવણી વિના ઘરેણાં ન આપવાની જીદ પકડે ને પરિણામ-સ્વરૂપ એ જ પરિવારના એક સભ્ય સુલેમાન દ્વારા રાજુલનું અપહરણ થાય, લુટાય, બળાત્કારે ભોગવાય ને અંતે પાંચ હજારમાં રસૂલ નામના અન્ય એક મુસલમાન સાથે પરણાવી દેવાય. બબ્બે વર્ષ તેને બેભાન રાખી બાળક પેદા કરતો તેનો ખરીદદાર પતિ તેને સલમા-ની ઓળખ આપે. આત્મહત્યાના એકાદ પ્રયત્નથી બચાવી લેવાતી સલમારૂપી રાજુલ બાળકો પ્રત્યેના માતૃત્વથી અંતે મરવાનું તેમ, ભાગી છૂટવાનું ટાળે. ધર્મને બળે ને કર્મને આધીન ભાગ્યને સ્વીકારતી રાજુલ એક દિવસ ઓચિંતી જ આકાશની પ્રત્યક્ષ થાય. સાત-સાત વર્ષથી રાજુલની શોધમાં રઝળતો-ભટકતો આકાશ સંગમબીચના પ્રવાસ-સ્થળે આવી પહોંચે. ને જ્યાં તે ઊતર્યો છે તે ‘જલદીપ’ મહેલમાં સફાઈકામ કરતી રાજુલને જોતાં જ આશ્ચર્ય ને આઘાતથી ઘેરાઈ જઈ વિહ્વળ બની ઊઠે ને અંતે રાજુલ મળ્યાના સંતોષે રાજુલને મેળવવાની દિશામાં પ્રવૃત્ત થાય. આકાશને જોતાં જ ભાગી છૂટતી ગભરુ રાજુલને એકાંતમાં મળવાનો વ્યૂહ ગોઠવી સફળ થતો આકાશ સત્યઘટનાથી વાકેફ થઈ, રાજુલને આ નર્કાગારમાંથી છોડાવવા સક્રિયતા દાખવે. પણ રાજુલના ધર્મભાવના, વાસ્તવભાન અને ભાવિજ્ઞાન ઉપરાંત, રસૂલથી ઉત્પન્ન થયેલાં બાળકો પ્રતિની મમતા તેને રસૂલનું ઘર છોડી આકાશ સાથે જતા રોકે. આકાશ પણ રાજુલની સમજને સ્વીકારી અંતે ખાલી હાથે જ પાછો વળે તેવું કથાનક પ્રસ્તુત કૃતિનું પ્રધાન વિષયવસ્તુ છે.

નવલકથાનો આરંભ સંગમબીચના સ્થળે ટ્રેનમાંથી ઊતરતા આકાશથી થાય છે અને અંત રાજુલથી સમજાવાયેલો આકાશ અંતે એકલો જ ઉતારા-સ્થળે આવી, ભીંત પર પોતાનું ને રાજુલનું નામ કોતરી તેના પર હાથ ફેરવતા રહેવાની ક્રિયા સાથે સમેટાય છે. આરંભ અને અંત વચ્ચે લેખિકાએ ત્રણ દિવસ ને બે રાત્રિનો સમય લીધો છે. સાત વર્ષના સ્મરણ-પટ પર ફેલાતી આ કૃતિ વાસ્તવના ત્રણ દિવસની ગતિવિધિ દ્વારા પાત્રોના મનોસંઘર્ષને, યાતનાને, આત્મીયતાને ને આંતરસમજને ઠીક-ઠીક ઉઠાવ આપી શકી છે. સર્વજ્ઞની કથનરીતિએ લખાતી આ નવલકથા આકાશને કેન્દ્રમાં રાખીને ચાલે છે. વચ્ચેનાં બે પ્રકરણો – ચોથું ને સાતમું – માં સલમા પર કૅમેરા સ્થિર થયો છે. આ પ્રકરણો રાજુલની, સલમા બન્યા પછીની આર્થિક અને માનસિક સ્થિતિને નારીસહજભાવે મૂકી આપે છે. અહીં અનુભવાતો રાજુલનો આંતરસંઘર્ષ, અંતે અંતિમ પ્રકરણમાં આકાશ સાથેની મુલાકાત દરમિયાન, તેના નિષ્કર્ષરૂપ, પરિપક્વ પ્રજ્ઞાની આંતર સમજથી ખૂલતો અનુભવાય છે. કથાના પ્રધાન પાત્રરૂપે પ્રારંભથી જ ઊભરતા આકાશની સામે અંતિમ પ્રકરણમાં સલમારૂપી રાજુલની પ્રગટતી સ્વયં સમજ ભાવકનું મન જીતી લઈ, રાજુલ પ્રત્યે સહાનુભૂતિ કમાવી આપી, વાચકના ચિત્તમાં છવાઈ જતા પ્રભાવક પાત્રરૂપે ધ્યાન ખેંચે છે. ગુજરાતી કથા-સાહિત્યમાં બળાત્કારનો ભોગ બનેલી, અન્યથી ગર્ભવતી થયેલી કે અન્યના પુત્રોને લઈ આવેલી પત્નીનો સ્વીકાર કરતા કથાનાયકની મહત્તા કોઈ કોઈ સ્થળે ગવાઈ છે. પણ આવી સ્ત્રી સમૃદ્ધિથી છલકતા, સત્તા-સંપત્તિ ને સ્નેહથી હર્યા-ભર્યા ઘરના પ્રાણપ્યારા પતિના આગ્રહે પણ તેની સાથે ન જઈ, વાસ્તવિકતા પ્રતિ ધ્યાન દોરી, ભવિષ્યમાં ઊભી થનારી સંભવિત – મ્હેણાં-ટોણાં, શંકા-કુશંકા, આક્ષેપ-પ્રતિઆક્ષેપ જેવી – શક્યતાઓથી બચવા કર્મની ગતિએ ભોગવવા પડતા ભાગ્યફળને આગળ કરી વાસ્તવનો સ્વીકાર કરે તે મારા ખ્યાલે, નવું છે.

આમ છતાં, આવા વિષયવસ્તુની રજૂઆત સાહિત્યિક સ્તરે ન થતાં, સર્જકતાનો ખાસ સ્પર્શ અહીં અનુભવાતો નથી. ચીલાચાલુ કથાનકરૂપે વિસ્તરતી જતી વારતાની સપાટ બાની તાલમેલિયા પ્રસંગોથી ગોઠવાતી જતી ઘટનારૂપે રજૂ થતી જાય છે. પાત્રોનો સંઘર્ષ ઊંડાણથી વંચિત છે. સંઘર્ષનો ભાસ જગવતા ઉપલક વિચારોથી મનોવૃત્તિની પ્રબળતાને ધારી ગતિ મળી શકી નથી. પાત્ર-માનસમાં ઉદ્ભવ્યે જતા વિચારો પણ ધારી અસર ઉપજાવી શકતા નથી. કથારસથી સભર પ્રસંગો સાહિત્ય-રસ જગાવવામાં ઊણા ઊતરે છે. રાજુલની વેદના કોઈ કોઈ સ્થળે ઠીક-ઠીક ઝિલાઈ છે, પણ તેને ધાર કાઢી શકાઈ નથી. આકાશ સાથે ન જવા વિશેની રાજુલની સમજ આદર્શ હોવા છતાંય વાસ્તવિકતાથી ઘણી વિમુખ જણાય છે. દેહના દુઃખને ગૌણ ગણતી રાજુલ પોતાનો આત્મા દુઃખથી અલિપ્ત હોવાનો ને સ્વધર્મમાં જ લીન હોવાનો એકરાર કરે અને રસૂલ ના-પસંદ હોવા છતાં રસૂલથી જ ઉત્પન્ન થયેલા બે પુત્રો સાથેનો માનો નાતો તે ન તોડી શકે, ન છોડી શકે; કોર્ટ દ્વારા પુત્રોનો કબજો મેળવ્યા પછીયે આકાશ સાથે પુત્રોસમેત રેહવામાં સમાજની ટીકા-નિંદાથી હાંસીપાત્ર ઠરે અને આકાશ પણ રસૂલની ઓળખરૂપ બે સંતાનોને નજર સામે જોતાં જ પ્રારંભની ઉષ્મા ગુમાવી બેસે એ ખ્યાલે જ આકાશ સાથે ન જતાં રસૂલ સાથે જ અનિચ્છાએ પણ રહેવાનું પસંદ કરતી રાજુલ હવે પછીથી આકાશને ન મળવાનું કે આર્થિક રીતે પણ મદદરૂપ ન થવાનું કહી પોતાની ખમીરવંતી મક્કમતા દર્શાવે; પણ એ સામે સમાજનો ડર રાખ્યા વિના પુત્રોસહિત રાજુલનો સ્વીકાર કરવાની ને પ્રેમપૂર્વક તેને અપનાવવાની હિંમત ન દર્શાવી શકતો આકાશ કૃતિમાં જે રીતે મન, વચન ને કર્મ (ક્રિયા)થી રાજુલને ચાહતો દર્શાવ્યો છે ને તેના વિરહમાં જે રીતે ઝૂરતો, ભટકતો ને વલખા મારતો આલેખ્યો છે એ નિરર્થક નિરૂપણ અને વાહિયાત પ્રલાપ પુરવાર થાય છે. ‘જલદીપ’ મહેલના સર્જક મહારાજા મજબૂતસિંહની કથા પણ આગંતુક જેવી, કથાનો વ્યાપ વધારતી ‘વજન’વિહોણી, ભારરૂપ જણાય છે. ‘જલદીપ’ મહેલનો ઇતિહાસ કહેતો ગંગારામ અંતે બે કલાક વહી ગયાની વાત કરે પણ એ આખી વાત પંદરેક મિનિટમાં પૂરી થતી ભળાય છે. ગંગારામના મુખે ક્યાંક ‘અંગ્રેજો’ તો ક્યાંક ‘ઇંગ્રેજો’નો ભાષાદોષ નજરે પડે છે. ‘જલદીપ’માં રાજુલને પ્રથમ વાર સફાઈ કરતી જોયા પછી, ને ગંગારામ પાસેથી એ ટ્રક ડ્રાઇવર રસૂલની, સલમા નામની પત્ની હોવાની

ને લગ્નને સાત વર્ષ થયાં હોવાની વાત સાંભળ્યા પછીયે એ રાજુલ હશે કે કેમ ? – એ વિશે વિચારતા આકાશને, એ પૂર્વે જ સુલેમાન દ્વારા લખાયેલા નનામા પત્રથી રાજુલ રસૂલ નામના ટ્રક-ડ્રાઇવર સાથે રહેતી હોવાના અને સલમા નામે જીવતી હોવાના પુરાવા મળ્યાનો ઉલ્લેખ લેખિકાએ કર્યો જ છે. ત્યારે અહીં તેને આશ્ચર્યમાં નાખી સલમા અને રાજુલ વિશે દ્વિધાભાવ કેળવતો કરવાનું કયું પ્રયોજન ભલા, લેખિકાનું હોઈ શકે તે અસ્પષ્ટ છે !

માત્ર ને માત્ર સાહિત્યિક દૃષ્ટિકોણથી પ્રસ્તુત કૃતિને તપાસતાં ‘સંગમબીચ’ મારી દૃષ્ટિએ, ગુજરાતી નવલકથા-સાહિત્યમાં મનોરંજક કથારસ પીરસતી સામાન્ય વારતાથી વિશેષ ગજુ કાઢી શકવા સમર્થ છે.